ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૯.૨ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૨૯ ટકા

# સે-૨૫ સહકાર કોલોનીમાં ચોર ટોળકીનો આતંક

## પોલીસ પેટ્રોલીંગની વચ્ચે સક્રિય થયેલી ચોર ટોળકીને પકડવા સ્થાનિક વસાહતીઓનો રાત્રી પહેરો

ગાંધીનગર, તા.૨૭

પાટનગરના સેકટર-૨૫ સહકાર કોલોની, સે-૨૫ ન્યુ સુર્યનારાયણ સોસાયટી અને સે-૨૬ કિસાન નગર સોસાયટી વિસ્તારમાં છેલ્લા ૧૫ થી ૨૦ દિવસથી ચોર ટોળકીએ આતંક મચાવ્યો છે. ચોર ટોળકીના ભયથી નાગરીકો રાત્રીના સમયે શાંતિથી સુઈ પણ શકતા નથી. ત્યારે સોમવારના રાત્રીના સમયે પણ ચોર ટોળકીએ એક સાથે પાંચ મકાનના તાળા તોડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વસાહતીઓની સમય સુચકતાથી ચોર ઈસમોને ઉભી પુંછડીએ ભાગવાનો વારો આવ્યો હતો. જયારે ચોર ઈસમોએ પીછો કરી રહેલા વસાહતીઓ પર પથ્થરમારો પણ કર્યો હતો. ત્યારે પાટનગરમાં રાત્રીના સમયે પોલીસ પેટ્રોલીંગની વચ્ચે પણ વસાહતીઓએ પોતાના ઘરની સલામતી માટે રાત્રી પહેરો કરવાની ફરજ પડી રહી છે. ગાંધીનગર પોલીસ છેલ્લા ઘણા સમયથી ક્રાઈમ ડિટેકશન તો ઠીક પરંતુ હવે ક્રાઈમ પ્રિવેન્સનમાં પણ નિષ્ફળ સાબિત થઈ હોય તે કહેવું અતિશયોક્તિ ભર્યું નથી.

ગાંધીનગર શહેરમાં ચોરી, લુંટ, ઘરફોડ જેવી ઘટનાઓ સામાન્ય બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. ચોર ઈસમો પોલીસને પડકાર ફેંકતા હોય એક પછી એક ઘટનાને અંજામ આપી રહ્યા છે. ત્યારે સેકટર-૨૫ સહકાર કોલોની, સે-૨૫ ન્યુ સુર્યનારાયણ સોસાયટી અને સે-૨૬ કિસાનનગર વિસ્તારમાં સાંજ ઢળતા જ વસાહતીઓ ધ્રુજી રહ્યા છે. આ સેકટરના રહીશો રાત્રીના સમયે ઘરની બહાર નીકળતા પણ ડર અનુભવી રહ્યા છે. થોડા સમય પહેલા જ સહકાર કોલોનીના એક મકાનને ચોર ટોળકીએ ટાર્ગેટ કર્યુ હતું. ત્યારે ફરીવાર તા.૨૫ ફેબ્રુઆરીના રોજ રાત્રીના સમયે રાત્રીના અઢી વાગ્યાના અરસામાં ચોર ટોળકીએ બ્લોક નં.૧૦,૫૬,૮૭ અને ૧૮૨ સહિતના મકાનના દરવાજા તોડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સુરેશભાઈ મહેતાના નિવાસ સ્થાન મકાન નં.૧૮૨ ને ચોર ટોળકીએ નિશાન બનાવવાની કોશિશ કરતા વસાહતીઓ જાગી ગયા હતા અને એકત્ર થઈ ગયા હતા. જેથી ચોર ટોળકીને ખાલી હાથે ભાગવાનો વારો આવ્યો હતો. વસાહતીઓએ પીછો કરતા ચોરો ઈસમોએ પથ્થર મારો કર્યો હતો. ત્યારે ચોર ઈસમોને પકડવા માટે હાલના સમયે સ્થાનિક નાગરીકો રાત્રી પહેરો કરી રહ્યા છે. જયારે પોલીસના સઘન પેટ્રોલીગ વચ્ચે પણ ચોર ઈસમો આ વિસ્તારના સેકટરોના છેવાડાના મકાનોને ટાર્ગેટ કરી રહ્યા છે. ત્યારે વસાહતીઓને સાંજ ઢળતા જ ડરનો અનુભવ કરી રહ્યા છે. જયારે ચોર ઈસમો પોતાનો ટાર્ગેટ પુરો કરીને સરળતાથી રેલ્વે લાઈન અને વનવિભાગની ઝાડીઓમાં છુમંતર થઈ જાય છે.



શહેરના 'જ' માર્ગ પર પસાર થઈ રહેલી અલ્ટો કારના ચાલકે અચાનક કાર પરનો કાબુ ગુમાવતા ઈન્દ્રોડા પાર્ક પાસે કાર પલ્ટી મારી ગઈ હતી. કાર પલ્ટી મારતા અંદર રહેલા કાર ચાલકને સામાન્ય ઈજા પહોંચી હતી. જયારે કારને મોટી માત્રામાં નુકસાન થયું હતું. આ બનાવને પગલે આસપાસમાંથી પસાર થતા નાગરિકો મોટી સંખ્યામાં ઘટના સ્થળે ઉમટી પડયા હતા.

## જાણીતા વૈજ્ઞાનિક ડો. મશલેકરનું પીડીપીયુ ખાતે વકતવ્ય યોજાયુ



ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે ભારતના જાણીતા વૈજ્ઞાનિક અને વિવિધ એવોર્ડથી સન્માનિત ડૉ. આર.એ. મશલેકરે સંશોધન ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટે ઉપયોગી એવા વિષય 'તબક્કાવાર અને વિક્ષેપકારક સંશોધન'ની સમજ આપતું વકતવ્ય આપ્યું હતું. પીડીપીયુ રીસર્ચ કાઉન્સિલમાં માર્ગદર્શન આપવા આવેલા ડૉ. મશેલકરે પીડીપીયુ તથા અન્ય યુનિવર્સિટીના વ્યાખ્યાતાઓને સંબોધતા જણાવ્યું હતું કે આધુનિક સમય સંશોધન માટે 'લીપ ફ્રોગીંગ' નહીં 'પોલ વોલ્ટિંગ' સમાન છે જેમાં સંશોધન અને વ્યાપારમાં જોખમ ખેડવાની તૈયારી તથા આકસ્મિક વિકાસની તકના કારણે આપણી જીવનશૈલી અને ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિઓ બદલાઈ રહી છે. વર્તમાન સમય માત્ર 'બેસ્ટ પ્રેકટીસીસ' વિશે વિચાર કરવાનો નથી. આપણે 'નેકસ્ટ પ્રેકટીસ'ને પણ ધ્યાનમાં લેવી પડશે. આ સાથે તેમણે આવનારી પેઢી માટે ભારતીય મૂળના સત્ય નદેલા અને સુંદર પીચાઈના ઉદહારણ આપી નવા સ્ટાર્ટઅપથી ભારતનું નામ રોશન કરશે.

## પીડીપીયુના વિદ્યાર્થીઓ જાપાનીજ હાથ પંખા બનાવતા શીખ્યા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના ઓડિટ કોર્સ અંતર્ગત 'એકસ્પોઝર ટુ એનસીસી' કાર્યક્રમ હેઠળ જાપાનીઝ હાથ પંખા બનાવવાનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જાપાનીઝ આર્ટમાં પીએચડી પ્રાપ્ત ડૉ. ઉજાલ શાહે ૪૬૦ જેટલા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરું પાડયું હતું. જાપાનમાં હાથ પંખાને 'સેન્સુ' તરીકે ઓળખવામાં આવે છે જે કાગળ અને વાંસની ફ્રેમ થકી હાથેથી બનાવવામાં આવે છે અને જાપાનીઝ સંસ્કૃતિમાં નાગરિકો ખાસ પ્રસંગો કે સામાજિક મેળાવડાઓમાં પોતાની સાથે રાખે છે.



## સંસ્કૃતિ કુંજના પાર્કીંગમાંથી ચેતક કમાન્ડોનું બાઈક ચોરાયું

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર શહેરના રાજમાર્ગ તરીકે ઓળખાતા જ માર્ગ પર ઈન્દ્રોડા ગામ પાસે ચાલી રહેલા સંસ્કૃતિ કુંજમાં દરરોજ હજ્જારો મુલાકાતીઓની અવર જવર જોવા મળે છે. ત્યારે સંસ્કૃતિ કુંજમાં આવતા મુલાકાતીઓના વાહનોની ચોરીની ઘટનાઓ પણ વધી ગઈ છે. તાજેતરમાં જ સેકટર-૨૧ માં રહેતા એસઆરપી જવાન જે હાલ ડેપ્યુટેશન પર ચેતક કમાન્ડો તરીકે ફરજ બજાવી રહ્યા છે, તેમના બાઈકની ઉઠાંતરી થઈ જવા પામી છે. સાંસ્કૃતિક કાર્યક્રમો જોઈને રાત્રે પરત ફર્યા ત્યારે પાર્કીંગમાંથી તેમનુ બાઈક ગાયબ હતું. બાઈક માલિક ચેતક કમાન્ડોની ફરીયાદને પગલે સેકટર-૭ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ સેકટર-૨૧માં રહેતા એસઆરપી જવાન રાજુભા ઘેલુભા જાડેજા હાલ ડેપ્યુટેશન પર ચેતક કમાન્ડો તરીકે ફરજ બજાવી રહ્યા છે. ત્રણ દિવસ પહેલા તા. ૨૪ ફેબ્રુઆરીના રોજ રાજુભા પોતાનું સ્પ્લેન્ડર પ્લસ બાઈક લઈને સંસ્કૃતિ કુંજ ગયા હતા. સાંજે ૮ વાગે તેમણે સંસ્કૃતિ કુંજના ગેટની સામે પાણીની ટાંકી સામે ગરનાળા પાસે પોતાનું બાઈક પાર્ક કર્યુ હતું અને અંદર સાંસ્કૃતિક કાર્યક્રમ જોવા ગયા હતા. રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં કાર્યક્રમ પૂર્ણ થયા બાદ તેઓ પરત ફર્યા ત્યારે જોયું તો તેમનુ બાઈક પાર્કીંગના સ્થળે થી ગાયબ હતું. જી.જે.૧૮.એ.ઈ.-૬૧૮૫ નંબરનું તેમનું બાઈક આ સમય ગાળા દરમિયાન કોઈ વાહનચોર ઉઠાવી લઈ ગયો હતો. બે દિવસ બાઈકની શોધખોળ કર્યા બાદ પણ બાઈક મળી ન આવતા આખરે ગઈકાલે કમાન્ડોએ પોતાના બાઈકની ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

### કુડાસણ પાસેથી સાયકલની ઉઠાંતરી

ગાંધીનગર નજીક આવેલા કુડાસણ ખાતે સ્થિત કૃષ્ણકુંજ સોસાયટીમાં રહેતા મીનાબેન બિહારીદાન ગઢવીની દિકરીની સાઈકલની ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. અમદાવાદ કોલેજ જતી મીનાબેનની દિકરી પોતાની સોસાયટીથી કુડાસણ બસ સ્ટેન્ડ સુધી આવવા જવા માટે સાયકલ લાવી હતી. ૧૩ જાન્યુઆરીએ ૫ હજારની કિંમતની સાઈકલ તેણે ખરીદી હતી. બે દિવસ પહેલા સોમવારે સવારે સાડા અગીયાર વાગે કુડાસણ સ્વામીનારાયણ ધામ પાસેના બસ સ્ટેન્ડ નજીક સાયકલ મુકીને મીનાબેનની દિકરી અમદાવાદ કોલેજ ગઈ હતી. સાંજે ૪ વાગ્યાના અરસામાં તે પરત ફરી ત્યારે જોયું તો સાયકલ ગુમ થઈ ગઈ હતી. ચોરાઈ ગયેલી સાયકલ મામલે મીનાબેનની ફરીયાદને આધારે ઈન્ફોસીટી પોલીસે તપાસ આરંભી છે.

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી છેલ્લા કેટલાક દિવસથી ધમધમી રહી છે. રેલી-ધરણા, વિરોધ પ્રદર્શન સહિતના કાર્યક્રમો પોતાના પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતા યોજાય છે. ત્યારે પોલીસની સાથે ખભેથી ખભા મીલાવીને વર્ષોથી કામ કરતા હોમગાર્ડઝના જવાનો આજે સત્યાગ્રહ છાવણી ખાતે પોતાની પડતર માંગણીઓ નહીં સંતોષાતા હડતાલ પર ઉતર્યા હતા.



### નિવૃત્ત કર્મચારી મંડળની દ્વિવાર્ષિક સામાન્ય સભા યોજાશે

આજે દહેગામ તાલુકાના નિવૃત્ત કર્મચારી મંડળની દ્વિ વાર્ષિક સામાન્યસભા સવારે ૯.૩૦ કલાકે અમીનવાડી ખાતે યોજાશે. જેમાં ધારાસભ્ય, જિલ્લા/રાજય/તાલુકા પેન્શનર સમાજના પદાધિકારીઓ સહિત પેન્શનર ભાઈ-બહેનો મોટી સંખ્યામાં હાજર રહી પેન્શનના પ્રશ્નોની કાર્યવાહી કરશે અને શહીદ સૈનિકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરશે.

### ઉજાણીનો કાર્યક્રમ યોજાશે

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ ગાંધીનગર શાખા દ્વારા તા. ૧ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ થી ૧.૩૦ કલાક દરમિયાન સેક્રેટરીયેટ જીમખાના સે-૧૯ ખાતે ઉજાણીનો કાર્યક્રમ યોજાશે. સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે દ્વારા ગાંધીનગરની સર્વે બહેનોને ઉજાણીમાં ભાગ લેવા જણાવાયું છે.

### લિટલ એન્જલસ સ્કૂલ ખાતે વાર્ષિકોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

લિટલ એન્જલસ સ્કૂલ ગાંધીનગર દ્વારા તા. ૨ માર્ચના રોજ સવારે ૯.૪૫ કલાકે વાર્ષિકોત્સવનું આયોજન સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે કરવામાં આવ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. કૈલાસબેન કશનભાઈ પટેલ, ઉ.વ. ૭૫
- સ્વ. રમણજી વજાજી ઠાકોર, ઉ.વ. ૬૧
- સ્વ. ઉર્મિલાબેન બી.સિન્હા, ઉ.વ. ૮૮
- સ્વ. સમુબેન દિગાભાઈ ઠાકોર, ઉ.વ. ૧૧૦
- સ્વ. વિજય ભાનુભાઈ

# ઝેનેસીસ એક્ષ્પોમાં એન્જિનીયરીંગના વિદ્યાર્થીઓના રસપ્રદ પ્રોજેકટ

## સમગ્ર ગુજરાતમાંથી ૩૦૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો : રોબોરેસ, ઓટો વર્કશોપ, કોડબુસ્ટર સહિતના પ્રોજેકટ આકર્ષણનું કેન્દ્ર બન્યા









ગાંધીનગર, તા.૨૭

કડી સર્વ વિદ્યાલય સંચાલિત એલડીઆરપી ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી એન્ડ રીસર્ચ સે-૧૫ દ્વારા નેશનલ લેવલનો ટેકનોલોજી એકસપો ઝેનેસીસ (XENESIS-2019) યોજાયો હતો. જેમાં એલડીઆરપી કોલેજ સાથે ગુજરાત તેમજ અન્ય રાજય સંચાલિત ટેકનીકલ કોલેજોમાંથી ૯૦૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા તેમજ કુલ ૩૦૦૦ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ દ્વારા અલગ અલગ ટેકનોલોજીકલ ઈવેન્ટસ યોજવામાં આવી હતી અને ઈનોવેશન રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે ઓટો વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

XENESIS-2019 અંતર્ગત ઓટોમોબાઈલ અને મીકેનિકલ, ઈલેકટ્રોનીકસ એન્ડ કમ્યુનિકેશન, સિવિલ, કમ્પ્યુટર, આઈટી ઈલેકટ્રીકલ અને એમબીએ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા રોબોરેસ, ઓટો વર્કશોપ, કોડ બુસ્ટર, ડેર ટુ ડ્રાઈવ, ફોટો ઝોન જેવી અલગ અલગ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ૧૦૦ વર્ષ પૂરા થયા હોવાથી SVKM નામથી મુશ્કેલી ભર્યો ટ્રેક બનાવી તેના પર વિદ્યાર્થીઓ દ્વારા જાતે બનાવાયેલ રોબર્ટને મુશ્કેલીઓમાંથી બહાર કાઢી ફીનીશીંગ લાઈન સુધી પહોંચવા માટેની એક રોબોરેસ યોજાઈ હતી જે આકર્ષણનું કેન્દ્ર બની હતી.

એલડીઆરપીના વિદ્યાર્થીઓ દ્વારા ૩૭ જેવા ઈનોવેટીવ પ્રોજેકટ રજુ કરાયા હતા. જેમાં ફેસ સ્કેનિંગ સીસ્ટમ દ્વારા હાજરી પુરવાનું સોફટવેર, લાયસન્સ કંટ્રોલ સ્માર્ટ વ્હિકલ સિસ્ટમ જેના દ્વારા ગાડીને ખોલતા પહેલા જ સિસ્ટમમાં લાયસન્સ નંબર નાંખવો પડે અને ફોટો સ્કેન થયા પછી જ કારનો દરવાજો ખુલે. આ સિસ્ટમમાં ત્રણ વાર રી ચેક થઈ શકે છે અને જો ન થાય તો આરટીઓની મદદ લઈ શકાય છે. આ સિસ્ટમથી ચોરીના બનાવથી બચી શકાય છે. આ ઉપરાંત વી.આર. પ્લેયરથી ચાલતી વર્ચ્યુઅલ ગેમ આકર્ષણનું કેન્દ્ર બની હતી. એલડીઆરપીના વિદ્યાર્થીઓ દ્વારા ૯૦ કિમી સુધી ચાલી શકે તેવું ૪૫ કિમી/કલાકની ઝડપે ચાલતું ઈલેકટ્રીક બાઈક બનાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત ટાઉન ઓટો મેશન, સોલરથી ચાલતું વાહન, ડ્રોન ડિઝાઈન અને ડેવલપમેન્ટ, સ્માર્ટ સ્ટ્રીટ લાઈટ જેવા ૩૮ જેટલા ઈનોવેશન પણ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.

ઓટોમોબાઈલ અને મિકેનીકલ એન્જીનીયરીગના વિદ્યાર્થીઓ માટે ઓટો વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટરકાર અને બાઈકના એન્જીન, વાહનના વિવિધ પાર્ટસ અંગેના વિદ્યાર્થીઓના ટેકનીકલ પ્રશ્નોનું નિરાકરણ વર્કશોપમાં ઉપસ્થિત તજજ્ઞોની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું તથા વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ફુડ સ્ટોલનું આયોજન પબજી જેવી ગેમ્સ, પાણીપુરીના આકર્ષિત બેનર અને અવનવી વાનગી સાથે કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન XENESIS ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ટેકનોલોજી




એક્ષ્પોમાં જોનાસીસ એનરીસ એન્ડ મેનેજમેન્ટ બેંગ્લોરના ડાયરેકટર હરેશભાઈ પટેલ, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રમુખ કનુભાઈ પટેલ, એલડીઆરપીના આચાર્ય ડૉ. ગાર્ગીબેન રાજપરા ઉપરાંત કડી સર્વ વિદ્યાલયના રજીસ્ટ્રાર, પ્રોફેસર અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. એલડીઆરપીના ટેક એક્ષ્પો દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ અપાઈ હતી.